# નીતિ નિર્ધારણ પ્રક્રિયામાં ઉદ્યોગ, વેપાર જગત સહયોગ આપે : મોદી

## રોજગારી, આર્થિક સુધારા, સામાજિક માળખાકીય સુવિધા સહિતના અનેક વિષયો પર મોદીએ સૂચન કર્યુ : નિરાશાના વાતાવરણને દૂર કરવાની જરૂર

અમદાવાદ, ૧૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એફઆઈસીસીઆઈની રાષ્ટ્રીય કારોબારીની બેઠકનું ઉદઘાટન કરતા વર્તમાન આર્થિક સંકટ અને કરન્ટ એકાઉન્ટ ડેફીસીટના સંકટમાંથી બહાર આવવા દેશના ઉદ્યોગ સંચાલકો સાથે વિશ્વાસપૂર્વક પરામર્શ કરીને દેશના હિતમાં યોગ્ય દિશામાં નીતિનિર્ધારીત કરવા પ્રેરક સૂચન કર્યુ હતું.

આપણે નિર્ધાર કરીશું તો ભારતની આર્થિક સ્થિતિની દુર્દશા બદલી શકાશે એવો દ્રઢ આશાવાદ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એનઅઢ ઈન્ડસ્ટ્રીઝ (એફઆઈસીસીઆઈ)ની રાષ્ટ્રીય કારોબારી બેઠક આજે મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજવામાં આવી હતી જેનું ઉદઘાટન ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યું હતું. એફઆઈસીસીઆઈ આ નેશનલ એકઝીક્યુટીવ મીટીંગમાં ભારતભરમાંથી ૧૦૦થી અધિક ઉદ્યોગ-વ્યાપાર સંચાલકો ભાગ લીધો હતો. આગામી દશકમાં ભારતના વિકાસની સંભાવનાઓ કેન્દ્રસ્થાને રાખીને ઉત્તમ માનવ સંસાધન શક્તિ વિકાસનું આયોજન કરવાની અનિવાર્યતા ઉપર મુખ્યમંત્રીએ ભાર મુક્યો હતો. આપણે જવાબદારી લઈને આ માનવશક્તિ આયોજન માટેની પ્રતિબધ્ધતા દાખવવી જ પડશે એમ તેમણે જણાવ્યું હતું. મહાત્મા ગાંધીજીએ નીતિ-નિર્ધારિકોને સમાજના છેવાડાના માનવીના ભલાને કેન્દ્રસ્થાને રાખવા સલાહ આપેલી અને આ વાસ્તવિકતા ધ્યાનમાં લઈને આપણે ગરીબમાં ગરીબને વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા તેનું ક્ષમતા-વર્ધન કરવું જ પડશે એમ ગુજરાતના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. એફઆઈસીસીઆઈના ગુજરાત સરકાર સાથેના સક્રિય સહયોગનો નિર્દેશ કરી ગુજરાતમાં દેશભરમાંથી આવેલા વેપાર ઉદ્યોગના અગ્રણીઓને આવકારતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ૨૧મી સદીના પ્રારંભે ભારતમાં આશાવાદનું ભરપૂર વાતાવરણ હતું પરંતુ તેના ૨૦મી શતાબ્દીના ઉતરાર્ધમાં દિશા, વ્યૂહ અને કાર્યયોજના, સંસાધનોની આપૂર્તિ વિશે કોઈ વિચારણા થઈ નહોતી તેથી આપણે અવસર ગૂમાવી દીધો છતાં, ૨૧મી સદીના પ્રારંભે સામાન્ય ભારતવાસીમાં કંઈક પરિવર્તન આસા જાગેલા, કમનસીબે પહેલા દશકમાં જ આ આશાવાદ રોળાઈ ગયો છે તેનો અફસોસ વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ નિરાશાના વાતાવરણથી જન સામાન્ય અને સમાજજીવનનો ભરોસો ઉઠી ગયો છે. ભારત જેવા વિરાટ જનશક્તિ ધરાવતા દેશમાં આ ભરોસોનો અભાવ સૌથી મોટું સંકટ બની ગયું છે. ૨૧મી સદીનો ભારતીય સમાજ દરેક મુદ્દાનું બારીકાઈથી વિશ્લેષણ કરે છે ત્યારે દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરનારાએ ભરોસાને પૂનઃસ્થાપિત કરવા પ્રતિબધ્ધ બનવું પડશે, એમ ગુજરાતના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ગુજરાત અનુભવની ભૂમિકા આપતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે પરિવર્તન લાવી શકાય છે તે ગુજરાતે પૂરવાર કર્યું છે. બૂલંદ હોસલાથી નિર્ણય લેવા માટે, વિપરીત સ્થિતિમાંથી બદલાવ લાવવા સમસ્યાઓના ઉકેલ માટે વ્યવસ્થામાં અને મનોયોગમાં પરિવર્તન લાવવા માટે યોગ્ય નેતૃત્વની આવશ્યકતા ઉપર મુખ્યમંત્રીએ ભાર મુક્યો હતો. સામાન્ય માનવી અને ગ્રામ ક્ષેત્રને આર્થિક પ્રવૃત્તિમાં સશક્ત બનાવીશું તો જ આપણી આર્થિક નીતિ પરિણામલક્ષી બનશે. મેન્યુફેક્ચરીંગ અને સર્વિસ સેક્ટરોને ઉત્પાદનલક્ષી અને મૂલ્યવર્ધિત બનાવવા પડે તેવી નીતિઓને પ્રાધાન્ય આપવું જ પડશે. ઉદ્યોગોના વિકાસથી રોજગારીના અવસર મળશે અને કુદરતી સંસાધનોના તથા ભૂસંપાદાના મહત્તમ ઉપયોગ વેલ્યુએડીશનથી કરવાની નીતિઓને અગ્રીમતા આપવાની જરૂર તેમણે વ્યક્ત કરી હતી.

માત્ર સમાજવાદી નારા લગાવવાથી આર્થિક પ્રગતિ થવાની નથી. વિકાસ માટે નેકસ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર આવશ્યક છે પરંતુ કમનસીબી એ છે કે પોલીસી પેરેલીસીસ અને ગલત નીતિઓથી ભારતના અર્થતંત્રની આખી ચેઈન તૂટી ગઈ છે અને રૂપિયાના અવમૂલ્ય નથી કરન્ટ એકાઉન્ટ ડેફીસીટના સંકટોથી દેશ ઘેરાઈ ગયો છે ત્યારે સાચી દિશાની નીતિઓ માટે હિંમતપૂર્વક આગળ આવવું પડે. સમસ્યાઓ અને સંકટોથી ભાગવાનું કે પલાયન થવાનું નેતૃત્વ ચાલી શકે નહીં.




# ડીસામાં મકરસક્રાંતિમાં મોતને ભેટેલા ૨૫ પક્ષીઓની અંતિમ યાત્રા

ડીસા, તા. ૧૫

ઉત્તરાયણ પર્વની ઉજવણી આમ તો ઉત્સાહ અને આનંદનું પર્વ ગણાય છે પરંતુ જાણે-અજાણે અનેક પક્ષીઓ પતંગની કાતિલ દોરીથી ઘાયલ થઈ મોતને ભેટે છે. જેમાં ડીસામાં પક્ષી બચાવો અભિયાન ચલાવતા જીવદયા પ્રેમીઓએ ઘાયલ પક્ષીઓની સારવાર બાદ પણ કમનસીબે મોતને ભેટેલા પક્ષીઓની અંતિમ યાત્રા કાઢતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. છે. ઉન્માદિત લોકોનો આ અપરાધ અનાયાસે થતો હોય છે ત્યારે આ પર્વને અનોખી રીતે માનવતા લોકો પણ એટલા જ અભિનંદનને પાત્ર છે કેમકે, આ લોકો જીવદયાને વરી પતંગની દોરીથી ઘાયલ પશુ અને પક્ષીઓને જીવન આપતા ઉત્તરાયણના દિવસે દોડધામ મચાવે છે. ડિસામાં આવાજ જીવદયા સંગઠન જેન તરૂણ પરિવાર દ્વારા પક્ષી બચાવો અભિયાન રખાયું હતું. જેમાં અંદાજીત ૮૦ જેટલા પક્ષી ધારદાર દોરીથી ઘવાયેલા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઉત્તરાયણ પર્વમાં પતંગ રસિકો જ્યારે પતંગ કાપવાની મજા માણી ઉન્માદમાં હે કાપ્યો...કાપ્યો...ની ચિચિયારી પાડી આનંદ માણતા હોય છે ત્યારે તેમનાથી જાણે-અજાણે અનેક પક્ષીઓ ધારદાર દોરીના સંપર્કમાં આવી ઘાયલ થઈ તરફડીયા મારી મોતને ભેટતા હોય મળી આવતા તેમની સારવાર કરાઈ હતી. આ પક્ષીઓમાં ગંભીર ઘાયલ ૨૫ જેટલા પક્ષીઓ મોતને ભેટતા આજે જીવદયા પ્રેમીઓએ તેમનો શોક પાળ્યો હતો. અને તમામને અંતિમ યાત્રા કાઢી હતી. જેનાથી શહેરભરમાં શોકનું વાતાવરણ સર્જાયું હતું.

# ખેડબ્રહ્મા તાલુકાની ચાર ગ્રામ પંચાયતોનો ચૂંટણી પ્રચાર ચરમસીમાએ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાની ચાર ગ્રામ પંચાયતોની ચૂંટણીનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે આ ચાર ગામો સહિત તાલુકામાં રાજકીય ગરમાવો આવ્યો છે અને હરિફ ઉમેદવારો પોતાની જીત માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ચાર પંચાયતોના સરપંચ માટે ૧૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે જયારે બધી જ ચાર પંચાયતોના ૩૦ વોર્ડમાં ૧૪ વોર્ડના સદસ્યો બીન હરિફ થતા ૧૬ વોર્ડમાં સદસ્યોની ચૂંટણી યોજાઈ છે.

આ અંગે ખેડબ્રહ્મા ચૂંટણી શાખાના સૂત્રોના જણાવ્યા અનુસાર તાલુકાની રોધરા, પરોયા, ઉંચી ધનાલ અને તુવર ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી રવિવારે યોજાનાર છે. ગ્રામ પંચાયતના ચૂંટણી રોટેશન મુજબ ચાર પંચાયતના સરપંચની બેઠકો અનુસુચિત જન જાતિ માટે અનામત છે. જેમાં રાધેરા પંચાયતના સરપંચ માટે ઉષાબેન અનિલભાઈ ખાંટ તથા બોબીબેન ડાહ્યાભાઈ ડાભી હરિફ ઉમેદવારો છે. સાત વોર્ડમાંથી પાંચ વોર્ડ બીન હરિફ થતા બે વોર્ડમાં ચૂંટણી યોજાઈ છે. ઉંચી ધનાલ પંચાયતમાં સરપંચની ખુરશી માટે ચુનાભાઈ રામસાભાઈ ગમાર તથા જશુભાઈ ડાભી પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.


(તસવીર : મગનજી વણઝારા)

## હિંમતનગરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી

હિંમતનગર સહિત જિલ્લાભરમાં ભારે ઉત્સાહપૂર્વક ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પતંગ રસીકોએ આખો દિવસ પતંગ ઉડાડવાની અને લૂંટવાની મજા માણી હતી. સાથોસાથ ઉંધીયા અને જલેબીની જયાફત પણ માણી હતી. આખો દિવસ પતંગબાજોનું આકાશી યુદ્ધ જામ્યું હતું. મ્યુઝીક સીસ્ટમ સાથેના ચગાન કરી પતંગ ચગાવવાનો અનેરો આનંદ શહેરીજનોએ માણ્યો હતો. વૃદ્ધોએ ગાયોને ઘાસચારો ખવડાવી પૂણ્ય મેળવ્યું હતું.

# નબળી લોકસભા બેઠકો પર ભાજપ નો-રીપીટ થીયરી અમલી બનાવશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા ગુજરાતના સીટીંગ સાંસદો પૈકી કેટલાક સાંસદોની ટીકીટો કાપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની ૨૬ બેઠકો પૈકીની ૧૭ જેટલી બેઠકો પર ભાજપના ઉમેદવારો વીજયી બન્યા છે. જે પૈકી કેટલાક સાંસદો છેલ્લી ૩ થી ૪ ટર્મથી ભાજપમાંથી ચૂંટણી લડી રહ્યા છે. આથી આ બેઠકો પર આ વખતે નવા યુવા ચહેરાઓને સ્થાન આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

અમદાવાદ લોકસભા બેઠક પરના સાંસદ હરીન પાઠક, ભાવનગર બેઠક પરના સાંસદ રાજેન્દ્રસિંહ રાણા છેલ્લી ત્રણ ચાર ટર્મથી સાંસદ તરીકે છે. આથી આ બન્ને સાંસદોને આ વખતે રીપીટ કરવામાં ન આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. તેમના સ્થાને કોઈ નવા યુવા ચહેરાઓ પર પસંદગીનો કળશ ઢોળાઈ તેવું પક્ષમાં ચર્ચાઈ રહ્યું છે.

સુરત અને મહેસાણા બેઠક પર મહિલા સાંસદ છે. આથી આ બન્ને બેઠકો પર પણ આ વખતે મહીલા સાંસદોને ફરી રીપીટ કરવાને બદલે ત્યાં પણ કોઈ નવા ઉમેદવારોની શોધ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આમ આદમી પાર્ટીના ઉદય બાદ ભાજપ સામે શહેરી વિસ્તારોાં ઉભા થયેલા પડકારને ધ્યાને રાખીને આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની કેટલીક લોકસભા બેઠકો પરની સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને વર્તમાન સાંસદોની કામગીરીને ધ્યાનમાં લઈને આ વખતે ભાજપ આવી નબળી બેઠકો પર નો રીપીટની થીયરી અપનાવીને કેટલાક સાંસદોની ટીકીટો કાપે તેવી પુરી શક્યતાઓ સેવાઈ રહી છે.

આ વખતે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો જીતવા માટે વ્યુહરચના ઘડી છે અને તેના ભાગરૂપે નબળી બેઠકો પરના વર્તમાન સાંસદો માટે ફરીને ટીકીટ મેળવવી મુશ્કેલ બનશે. કારણ કે પક્ષે આવી બેઠકો પર નવા યુવા ચહેરાઓને તક આપવા માટેનું મન બનાવી લીધું હોવાનું પણ પક્ષ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ડીસામાં પોષણ ક્ષમ્ય ભાવે માર્કેટયાર્ડ બટાટા ખરીદશે : ખેડૂતોમાં ખુશાલી


ડીસા, તા. ૧૫

બટાટા નગરી તરીકે ખ્યાતનામ ડીસા પંથકમાં વિપુલ પ્રમાણમાં બટાટાનું વાવેતર અને ઉત્પાદન થાય છે ત્યારે ચાલુ વર્ષમાં પણ યોગ્ય હવામાન મળતા બટાટાનો મબલખ પાક થવાની શક્યતાઓ છે. ત્યારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ રબારીએ ખેડૂતોના હિતમાં એક મહત્વનો નિર્ણય લઈ બટાટાના ઉત્પાદનમાં ખેડૂતને પોષણ ક્ષમ્ય ભાવ મળી રહે તે માટે આગામી સત્તરમી જાન્યુઆરી ૨૦૧૪ થી શુક્રવારે બપોરના ત્રણ કલાકથી ડીસા માર્કેટ યાર્ડ ગેટ નંબર બે સામે રાઉન્ડ નમ્બર ત્રણમાં શેડ એકથી સોળમાં જાહેર હરાજીનું કામકાજ શરૂ કરવાની સત્તાવારા જાહેરાત કરતા ખેડૂતોમાં આનેદ છવાયો છે.

## દાગીના ઉતારી લેવાના ગુના કરતા બાવરીને પકડી પડાયો

અમદાવાદ શહેરમાં ચોરીના ગુના બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂં બી.સી.સોલંકી મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ પોલીસે મળેલ બાતમીના આધારે નરોડા પાટીયા અંબાજી માતાના મંદિર પાસેથી કાનજીભાઈ નાથાભાઈ બાવરી ઉ.વ. ૪૫ રહે. કુબેરનગરનાને ઝડપી પાડી તેની પાસેથી બે મોબાઈલ ફોન તેમજ વિશ્વાસમાં લેવા માટે કોરા કાગળના બંડલ તેની ઉપર એક, પચાસના દરની નોટ મુકી બતાવતા હતા થએ એક બંડલ મળી આવેલ છે તે પણ કબજે કરેલ છે.

## શબ્દાવલી - ૫૨૮૮



### આડી ચાવી

૧. પોતાનું માન (૩)
૩. ચાંપતી ઉઘરાણી (૩)
૬. સંપત્તિ, સોના-ચાંદી વગેરે (૨)
૭. પડકાર, લલકારવું તે (૪)
૮. ભૂખ્યા રહી કરાતા ઉપવાસ (૪)
૧૦. કસરત, વારો, લાગ (૨)
૧૨. નાટકીય વર્તન કરવું તે(૩)
૧૪. શક વગર, જરૂર (૩)
૧૬. કાગવાશ (૨)
૧૭. કિનાર (૨)
૧૮. કુટુંબ કબીલા સાથેનું ઘર(૪)
૨૧. સિંહનું બાળ (૩)
૨૪. દરદી, બિમાર માણસ (૩)
૨૫. નડતર, બાધક (૩)

### ઊભી ચાવી

૧. સગુ, સંબંધી (૩)
૨. ટ્રેડમાર્ગ (૩)
૩. એક તેલીબીયા (૨)
૪. પપ્પાના નાનાભાઇ (૨)
૫. શક્તિ, જોરવાળું (૨)
૭. લડી શકે તેવું (૪)
૯. લાલાશ, રાતુ (૩)
૧૧. મૂળગામ કે વતન (૩)
૧૪. શરમ વિનાનું (૪)
૧૫. વાદળમાંથી પડતું પાણી(૪)
૧૬. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી(૨)
૧૯. હવા-ઉજાસ માટે ઘરમાં રખાતી જાળી (૨)
૨૦. કણ, રજોટી (૨)
૨૨. ઝેર (૨)
૨૩. પાણી, નીર (૨)

### શબ્દાવલી ૫૨૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) દમદાટી (૬) ફણસ (૭) ચરિતાર્થ (૮) ત્વચા (૧૧) પહેરવેશ (૧૪) રસીલું (૧૫) રણ (૧૬) ખસ (૧૭) સીલ (૧૯) રમત (૨૧) ઘુડખર (૨૪) ચણીબોર (૨૫) ખોડ

**ઊભી ચાવી :-** (૧) દફન (૨) મણ (૩) દાસત્વ (૪) હરિદ્વાર (૫) પાર્થ (૯) ચાપલૂસી (૧૦) પારસમણિ (૧૨) વેર (૧૩) શણગાર (૧૬) ખરચ (૧૮) લઘુ (૨૦) તબો (૨૨) ડખો (૨૩) ખડ

## ૧.૦૪ કરોડની લૂંટ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

શહેરમાં ઠેર ઠેર નાકાબંધી કરવામાં આવી હતી અને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચના જેસીપી એકે શર્માએ કહ્યું હતું કે હિતેશ ઝવેરી ૧.૩૪ કરોડ રૂપિયા લઈને આવ્યા હતા. જે પૈકી બાઈક ઉપર આવેલા શખ્સો ૧.૦૪ કરોડની રકમ લઈને ફરાર થઈ ગયા છે. બનાવની મળેલી માહિતી મુજબ માણેકચોકમાં જેકે બુલિયનના માલિક હિતેશ ભુપેન્દ્ર ભાઈ ઝવેરી સવારે દસ વાગ્યાની આસપાસ ત્રણબેગમાં રૂપિયા ૧.૩૪ કરોડની રકમ લઈને આવ્યા હતા. ૪૫ વર્ષીય ભુપેન્દ્રભાઈની સાથે તેમના ડ્રાઈવર રણજીત સોલંકી પણ હતા. આ બન્ને કારમાંથી પૈસા કઢી રહ્યા હતા ત્યારે બાઈક પર ત્રણ બુરધાધારી શખ્સો આવી પહોંચ્યા હતા અને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં કારોબારી હિતેશભાઈનુ ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે તેમના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. બુરખાધારી શખ્સો સાથે ઝપાઝપામાં અન્ય બે લોકોને ઈજા થઈ હતી. અમદાવાદ શહેરમાં તાજેતરમાં જ લૂંટ, ઘરફોડ ચોરી અનેઅન્ય પ્રકારના ગુનાઓમાં વધારો થયો છે. આને લઈને લોકો પણ પોલીસ પર ઉદાસીનતાનો આક્ષેપ કરી રહ્યા છે. લૂટારાઓ જેવી રીતે પૈસાની લૂંટ ચલાવવા માટે આવ્યા તેનાથી એવી શંકા છે કે તેઓ પહેલાથી જ હિતેશભાઈ પૈસા લઈને અહીં આવનાર છે તે અંગે વાકેફ હતા .

## ચૂંટણી માટેનો કાર્યક્રમ

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

ઉમેદવારોના નામની જાહેરાત ૨૬ જાન્યુઆરીની આસપાસ થશે તેમ મનાઈ રહ્યું છે.

પંચે જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ૨૧મી જાન્યુઆરીએ આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે. જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૨૮મી જાન્યુઆરી સુધીમાં ઉમેદવારી પત્રો ભરવાના રહેશે. ૨૯મી જાન્યુઆરીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. જ્યારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૩૧મી જાન્યુઆરી રહેશે.

મતદાનની જરૂરિયાત ઉભી થશે તો ૭મી ફેબ્રુઆરીએ મતદાન સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી યોજાશે. મતદાન બાદ તુરત જ મતગણતરી યોજવામાં આવશે.

આ ચૂંટણી માટે વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ. પટેલને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## પતંગોત્સવ જામ્યો

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

ગંદી બાત અને લૂંગી ડાન્સના ગીતોએ આકર્ષણ જમાવ્યું હતું. રાત્રીના સમયે આકાશમાં તુક્કલના સ્થાને નવી પેટર્નના ગુબારાઓનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. આતશબાજી સાથે આકાશમાં ગુબ્બારાઓનો જગમગાટ જોવા મળ્યો હતો. દિવસે રંગબેરંગી પતંગોથી સજેલા આકાશમાં રાત્રીના સમયે અદ્ભૂત નઝારો સર્જાયો હતો. વાસી ઉત્તરાયણના દિવસે પણ પવન ફેરવેબલ હોવાથી બુધવારે પણ બપોર પછી ઉત્તરાયણનો રંગ જામ્યો હતો. ગત વર્ષની સાપેક્ષમાં પક્ષીઓને ઈજા ન થાય તે માટે પતંગરસિયાઓમાં વિશેષ જાગૃતિ જોવા મળી હતી. ઉત્તરાયણના પર્વ દરમિયાન શહેરી વિસ્તારમાં કોઈ અનઈચ્છિનીય બનાવ બનવા પામ્યો ન હતો.

## ગુબ્બારાઓથી ઝળહળ્યુ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

આ વર્ષે પતંગોમાં સૌથી વધારે વેરાયટીઝમાં આપ પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અવ્વલ નંબરે રહ્યા હતા. ત્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પતંગોમાં બીજા નંબરે રહ્યા હતા.

પતંગોમાં કેજરીવાલનો પતંગ અને મોદીનો માંજો, માછલી પતંગ, રોકેટ, ચીલ, ચાંલ્લા જેવી પતંગોથી આકાશ છવાયેલું રહ્યું હતું. ત્યારે રાત્રે રોશની માટે તુક્કલ ચગાવવામાં આવતા હતા તેની જગ્યા ચાઈનીઝ બલુને લઈ લીધી હતી.


આ વર્ષે શહેરનો નઝારો ચાઈનીઝ બલુનથી જોવા લાયક હતો. શહેર આખુ રોશનીથી ઝળહળી ઉઠ્યુ હતુ. રાત્રે વિદેશી વાતાવરણ જેવું ગાંધીનગરમાં લાગતુ હતુ. ૩૧મી ડિસેમ્બરની રાત્રે ફટાકડા ફોડી રોશની કરવામાં આવી હતી. મોડી સાંજે ફટાકડા પતંગ રસિયાઓએ ફોડી ઉત્તરાયણ પર્વના આનંદની ચરમસીમા અભિવ્યક્ત કરી હતી.

સવારથી આકાશી યુદ્ધ ખેલવા માટે સજ્જ થયેલા પતંગરસિયાઓને પવનદેવની કૃપા ન હોવાથી થોડી નિરાશા મળી હતી, પરંતુ જેમ-જેમ દિવસ પસાર થતા પતંગ રસિકો આનંદીત થઈ ગયા હતા.

## દોરી વાગવાના બનાવો

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

એમ્બ્યુલન્સ ને અલગ અલગ જગ્યાએથી મળીને કુલ ઈમરજન્સીના ૯ કોલ મળ્યા હતા. જેમાં દશેલા ગામના પાંચ વર્ષનો બાળક દિવ્ય પંચાલ પતંગ ચગાવતી વખતે ધાબા પરથી પટકાયો હતો. ગભીર હાલતમાં તેને અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. આ કિસ્સા ઉપરાંત અલગ અલગ જગ્યાએ મળીને ૬ કોલ ધાબા પરથી પડયા હોવાના મળ્યા હતાં. ગાંધીનગરમાં મારા મારીના ચાર કિસ્સાઓ ઉત્તરાયણના દિવસે બન્યા હતાં. તે ઉપરાંત દિવસભર માર્ગ અકસ્માતોની વણઝાર રહી હતી. ૩૦ માર્ગ અકસ્માતો ગાંધીનગર જિલ્લામાં થયા હતા. તે ઉપરાંત દોરીથી વાગ્યા બાદ ઈજાગ્રસ્ત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેનાર ૪૦થી વધુ વ્યકિતઓ નોંધાયા હતાં. સદભાગ્યે ઉત્તરાયણમાં પતંગ ચઢાવતા ધાબા પરથી પડતા કે દોરીથી કોઈ જાનહાની થવા પામી ન હતી.


ઉત્તરાયણ પર્વ નિમિત્તે ખેડબ્રહ્મામાં ગામમાં રાધા-કૃષ્ણ મંદિરને ભાવિકોએ પતંગોથી શરણગાર્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**
**જાહેર નિવિદા વર્ષ : ૨૦૧૩-૧૪**

ચેરમેનશ્રી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ વતી ચીફ જનરલ મેનેજર, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર-૧૦એ, છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર - ૩૮૨૦૧૦ "Integrated Network for Project IPMS (INIP)"ના પાંચ વર્ષ માટેના સંગઠિત કામના સંદર્ભમાં સંબંધિત અગ્રણી, નામાંકિત, વ્યવસાયિક અને અનુભવી કંપનીઓ પાસેથી 'ઓનલાઈન ટેન્ડર' માટે આમંત્રણ પાઠવે છે.

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નીચે જણાવેલ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે. http://gmb.nprocure.com, www.gmbports.org | તારીખ : ૧૬/૧/૨૦૧૪થી તારીખ : ૭/૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી (રીફંડપાત્ર નથી)ની રકમ રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ બેંક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમા 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ'ની (ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડપોસ્ટથી ગુજરાત મેરીટાઈમન બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૩૬૦૦/- તારીખ : ૧૧/૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઈ.એમ.ડી.ની રકમ રાષ્ટ્રીયકૃત/શિડ્યુલ બેન્ક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમાં 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ (ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી ગુજરાત મેરીટાઈમ બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૪,૯૦,૦૦૦/- તારીખ : ૧૧/૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સંબંધિત કોઈપણ પૂછપરછ નીચે દર્શાવેલ ઈમેઈલ એડ્રેસ પર કરવી. • cgm-gmb@gujarat.gov.in • k.vithlani@gmbports.in • smgnr-gmb@gujarat.gov.in • nirav.doshi@gmbports.in | તારીખ : ૨૧/૧/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| મળેલ પૂછપરછની ચોખવટ માટેની પ્રિ-ટેન્ડર મીટીંગ | તારીખ : ૨૩/૧/૨૦૧૪ના રોજ ૧૪.૩૦ કલાકે |
| ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ | તારીખ : ૭/૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન તાંત્રિક બીડ ખોલવાનો સમય અને તારીખ | તારીખ : ૧૩/૨/૨૦૧૪ના રોજ ૧૪.૩૦ કલાકે |

વધુ વિગતો માટે અલંગ બ્રાન્ચ / આઈ.ટી. સેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોન નંબર : ૨૩૨૩૮૩૪૬/૪૭/૪૮નો સંપર્ક કરવા વિનંતી છે અથવા જુઓ http://www.gmbports.org

માહિતી/૨૧૯૫/૧૩-૧૪